Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર**

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✳ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✳

January 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૨ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૧/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### મેરા ભારત મહાન

આપણે કહીએ છીએ કે ''મેરા ભારત મહાન'' પણ શી રીતે ? એ આપણે વિચારીએ છીએ કે કેમ ? વિશ્વની પ્રાચિનતમ, મહાન આપણી સંસ્કૃતિ છે. એનો અનુભવ કરવા માટે આ વર્ષે ૧૩-૦૧-૨૦૨૫ થી ૨૬-૦૨-૨૦૨૫ સુધી યોજાનારા વિશ્વની સંસ્કૃતિનું મહાન પર્વે ''મહા કુંભ'' જે પ્રયાગ રાજની ધરતી ઉપર યોજાનાર છે.

માગસર માસમાં સૂર્ય જ્યારે મકર રાશિમાં અને ગુરૂ વૃષભ રાશિમાં હોય ત્યારે પૂર્ણ કુંભ યોજાય છે.

દેવ-દાનવ દ્વારા સમુદ્ર મંથન વખતે ૧૪ રત્ન નીકળેલા જેમાં નું એક અણમોલ રત્ન એટલે ''અમૃત કુંભ''

દાનવ અમૃતનું રસ પાન કરીને અમર બને તો પાપાચાર વધે એમ સમજીને ધનવંતરીજી અમૃત કુંભ લઈ નાશવા લાગ્યા પાછળ દાનવ પડ્યા, જેમાં જપાજપીમાં જે જગ્યાએ અમૃત બિંદુ પડયા એમાં પ્રયાગ રાજ-ગંગા, જમના અને સરસ્વતીના સંગમ, બીજું ગંગા તટે હરિ દ્વાર, ત્રીજું ગોદાવરી તટે નાસિક અને ચોથું ક્ષિપ્રા તટે ઉજ્જૈન.

આ વર્ષે પૂર્ણ કુંભનું ભૂમિ પૂજન તા. ૩૦-૧૧-૨૦૨૪ના રોજ માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયું જેમાં મહર્ષિ ભારદ્રાજ, યાજ્ઞવલ્કજી, અગસ્ત્ય ઋષિ, જમની ઋષિ આદિ મહર્ષિને મહા કુંભ સ્થળે સ્થાપિત થવા આવ્હાવન કરવામાં આવેલ જેથી ''મહા કુંભ'' નિર્વિઘ્ન સંપન્ન થાય.

આપણા સંન્યાસી સાધુ પરંપરામાં ૧૩ અખાડાઓ છે. જેમાં દસ નામ કે સંન્યાસ અખાડા ૭ છે, વૈષ્ણવ અખાડા ૩ છે. ઉદાસીન અખાડા ૨ છે અને નિર્વાણ અખાડા એક, એમાં કુલે ૧૩ અખાડા છે.

જેમાં આપણી સમાજની દીકરી ભારતી દીદીના ઉદાસીન અખાડામાં સૌને ભાવ ભર્યું નિમંત્રણ છે. આપણે મહાન સંસ્કૃતિની ઝાંખી માણી પાવન બનીએ.

જેઓ પરંપરા અનુસાર અમૃત સ્નાન કે પેશવાઈ સ્નાન નો પ્રારંભ સમયાનુસાર કરે છે. દરેક અખાડા ને ૨૫ મિનિટ આપવામાં આવે છે ત્યારબાદ મહા કુંભમાં સૌ સ્નાન-

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

સર્વે જ્ઞાતિજનોને ઉતરાયણ અને મકર સંક્રાંતિ પર્વ નિમિતેની ખુબ ખુબ હાર્દિક શુભકામના.

**પ્રજાસતાક દિવસ ૨૬મી જાન્યુઆરી**

આપણો આગામી ૭૬મો પ્રજાસતાક દિવસ રવિવાર તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના આવી રહ્યો છે આ નિમિતે ટ્રસ્ટ ફંડની દરેક વાડીમાં સ્થાનિક ટ્રસ્ટીઓ સાથે સ્થાનિક સમાજ, યુવા મંડળ, મહિલા મંડળના હોદેદારોની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન - દેશ ભક્તિ ગીતો સહ સવારે ૮.૩૦ કલાકે હર્ષોલ્લાસથી પરંપરાગત રીતે ઉજવાશે. સૌ જ્ઞાતિજનોને પ્રજાસતાક દિવસે પોતાની નજદીકની વાડીમાં યોજતાં ધ્વજવંદનમાં ભાગ લઈ રાષ્ટ્ર ભાવના ઉજાગર કરવા નમ્ર વિનંતી છે.

**૬૬મો સમૂહ લગ્ન**

ટ્રસ્ટ ફંડ નિયુક્ત સમૂહ લગ્ન આયોજીત ૬૬માં સમૂહલગ્ન વસંત પંચમી રવિવાર તા. ૨-૨-૨૦૨૫ના આયોજનની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે સન્માનનીય દાતાશ્રીઓને પત્રિકા કાર્યકતાઓ મારફત મોકલવામાં આવશે તેમ છતાં કોઈ કારણસર પત્રિકા ન મળી હોય તો પણ સર્વે દાતાશ્રીઓને અને કાર્યકર્તાશ્રીઓને

**વિક્રમ સંવત ૨૦૮૧ મહાસુદ ૫ (વસંત પચમી), રવિવાર તા. ૦૨-૦૨-૨૦૨૫ના**
**૬૬માં સમૂહલગ્ન પ્રસંગે ડોંબીવલી પાટીદાર ભવનમાં**

| | |
|---|---|
| **સવારે ૭.૧૫ કલાકે** | **ગણેશ સ્થાપના** |
| **સવારે ૭.૩૦ કલાકે** | **કન્યા પક્ષ મંડપ મુહુર્ત** |
| **સવારે ૯.૧૫ કલાકે** | **જાન આગમન અને સામૈયું** |
| **સવારે ૧૨.૪૫ કલાકે** | **હસ્ત મેળાપ** |
| **બપોરે ૩.૩૦ કલાકે** | **જાનવિદાય** |

માં પધારી પ્રસંગની શોભા વધારવા વિનંતી. ભોજન પાસ પત્રિકા સાથે બીડેલ છે અગર સરતચૂક થી રહી ગયા હોય તો દાતાશ્રીઓને અને કાર્યકર્તાશ્રીઓ તે સમુહલગ્નના દિવસે ડોંબીવલી પાટીદાર ભવનના કાર્યાલયમાં મેળવી લેવા નમ્ર વિનંતી.

**આ વર્ષે ૬૬માં સમૂહલગ્નમાં ૪ નવ યુગલ જોડાયા છે જેમાં**

(૧) કુ. મીરા તુલસીદાસ રંગાણી (ડોંબીવલી/ગઢશીસા) સંગે ચિ. તેજ નરોતમ ભાવાણી (ડોંબીવલી/આણંદસર-મંજલ)

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ)
## જાહેર નોટીસ : અસાધારણ સામાન્ય સભા

તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ શનિવાર બપોરે ૩.૩૦ વાગ્યે પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે રાખવામાં આવેલ છે.

**એજેન્ડા :-** ૧) દીપ પ્રાગટ્ય, સ્થાન ગ્રહણ અને સ્વાગત.
૨) ગત મીટીંગની મીનીટસનું વાંચન.
૩) રામ નિવાસ તેમજ ઉમા નિવાસના નવ નિર્માણ પછી બનેલ બીલ્ડીંગમાં માલીકી હક્કથી ફ્લેટ વેચાણની મંજૂરી.
૪) ચેરમેનશ્રીનું ઉદ્દબોધન.
૫) આભાર અને સભાની પૂર્ણતા તરફ.

ઉપરોક્ત અસાધારણ સામાન્ય સભામાં ટ્રસ્ટના બહોલી સંખ્યામાં સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી.

**સાંજે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**ચેરમેન : કાંતિલાલ નારાયણ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી : શાંતિલાલ શીવજી ભીમાણી**

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - ડોંબીવલી દ્વારા આયોજિત ''સ્વીચ વર્ડ'' કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી દ્વારા તારીખ ૧૭/૧૨/૨૦૨૪ મંગળવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે ડૉ. વૈશાલીબેન વિસરિયના સથવારે પાટીદાર ભવન ડોંબીવલી ખાતે ''સ્વીચ વર્ડ'' આયોજન કરવામાં આવેલ હતું જેમાં કુલ ૧૮૦ બહેનોએ ભાગ લીધેલ હતો.

સર્વ પ્રથમ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ રેખાબેન નરેન્દ્ર ધોળું, મહામંત્રી શ્રીમતિ પ્રીતિબેન જયેશ ભગત, જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ટ્રસ્ટી શ્રી શાંતિલાલ કાનજી ભગત, ડોંબીવલી સમાજના મહામંત્રી શ્રી અંબાલાલ રામજી લીંબાણી, ડોંબીવલી સમાજના આઈપીપી શ્રી રમેશ શામજી સેંઘાણી તેમજ યુવક મંડળના મહામંત્રી શ્રી રમેશ રતીલાલ વેલાણી દ્વારા કુળદેવી શ્રી ઉમિયા માતાજી તેમજ ઈષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ કાર્યક્રમના વક્તા એવા ડૉ. વૈશાલીબેન વિસરયનું સન્માન મહિલા મંડળ વતીથી પ્રમુખ શ્રીમતિ રેખાબેન નરેન્દ્ર ધોળું, મહામંત્રી શ્રીમતિ પ્રીતિબેન જયેશ ભગતે કરેલ હતું. સન્માન બાદ મહિલા મંડળના મહામંત્રી શ્રીમતિ પ્રીતિબેન જયેશ ભગતે કાર્યક્રમના વકતા એવા ડૉ. વૈશાલીબેન વિસરિયનો પરિચય આપેલ હતો, પરિચય બાદ ડૉ. વૈશાલીબેનને મંચ સુપ્રત કરવામાં આવેલ હતો.

ડૉ. વૈશાલીબેન વિસરિય પોઝિટિવ એનર્જી, અલોપેથિક દવાની બદલે ચેનંટિંગ પાવરના ઉપયોગથી અનેક શારીરિક તેમજ માનસિક રોગોથી રાહતની સાથે યુનીવર્સના પોઝિટિવ એનર્જીને કઈ રીતે મદદરૂપ થાય તેમજ સાઉન્ડ હીલિંગનો અનોખો અનુભવ જેવા ઉપાયો વિષે વિસ્તૃતમાં માહિતી આપેલ હતી.

ત્યારબાદ સ્વાસ્થયને લગતા પ્રશ્નોત્તરી બાદ સર્વે અલ્પાહાર લઈ હકારાત્મક વિચારો સાથે છુંટા પડ્યા.

**પ્રમુખ : શ્રીમતિ રેખાબેન નરેન્દ્ર ધોળુ**

**મહામંત્રી : શ્રીમતિ પ્રીતિબેન જયેશ ભગત**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

OJJAS™ SMART MOVE, SMART LIFE


### ફેફસા નું ફાઇબ્રોસિસ
### (દવા વગર કુદરતી ઉપચાર)

- ફેફસાના ફાઇબ્રોસિસ ને પલ્મોનરી ફાઇબ્રોસિસ પણ કહે છે,જે ગંભીર ને વધતો જતો ફેફસા નો રોગ છે.
- આમાં ફેફસાની પેશીઓમાં ચાંઠા પડે છે અને પેશીઓ જાડી થતી જાય છે.
- શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને રક્ત પ્રવાહમાં પૂરતુ ઓક્સિજન મળતું નથી.
- આ અંક માં આપણે દવા વગર આ બીજ પદ્ધતિ દ્વારા ફેફસા નું ફાઇબ્રોસિસ ના પોઇંટ જોઈશું.




હાથ ની પહેલી આંગળી પર અજમો,બીજી આંગળી પર તુલસી નું પાન અને ત્રીજી આંગળી પર લાલ કલર લગાડો. (ચિત્ર માં બતાવ્યા પ્રમાણે)

આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઇંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઇંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Lu 5,Lu 6,Lu 2 )




**<u>વિશેષ</u>** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ ,
- અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા ફેફસા ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)

હરિઓમતત્સત્

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંધાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## શ્રી પાટીદાર યુવક મંડળ - ડોંબીવલી ''કારોબારી સમિતિ'' વર્ષ ૨૦૨૫ થી વર્ષ ૨૦૨૭ ચુંટણીની જાહેરાત

સવિનય સાથે જણાવવાનું કે ઉપરોક્ત મંડળની વર્તમાન કારોબારીની મુદત પુર્ણ થતી હોય તા. ૦૧/૦૪/૨૦૨૫ થી તા. ૩૧/૦૩/૨૦૨૭ ની મુદ્દ માટે નવી કારોબારી સમિતિની રચના કરવા નીચે મુજબ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

૧. ઉમેદવારી પત્રક (ઓનલાઈન) ભરવાની
તારીખ – ૨૦/૦૧/૨૦૨૫ થી ૨૧/૦૧/૨૦૨૫
ડોંબીવલી સમાજની વેબસાઈટ https://skkpsdombivali.in/ અથવા ડોંબીવલી સમાજ મોબાઈલ એપ્લીકેશન પર.

૨. ઉમેદવારી પત્રક (ઓનલાઈન) ભરવાની અંતિમ તારીખ તેમજ સમય – ૨૧/૦૧/૨૦૨૫ ને રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી.

૩. ચકાસણી બાદ માન્ય થયેલ ઉમેદવારની યાદી પ્રકાશિત કરવાની
તારીખ – ૨૩/૦૧/૨૦૨૫
(ડોંબીવલી સમાજની વેબસાઈટ https://skkpsdombivali.in/ અથવા ડોંબીવલી સમાજ મોબાઈલ એપ્લીકેશન પર તેમજ પાટીદાર ભવન – ડોંબીવલીના નોટિસ બોર્ડ લગાડવામાં આવશે.

૪. ચુંટણીપંચ તેમજ ઉમેદવારોની સંયુક્ત બેઠક તા. ૨૬/૦૧/૨૦૨૫ને રાત્રે ૯.૦૦ કલાકે સ્થળ : પાટીદાર ભવન-ડોંબીવલી.

૫. મતદાન તા. ૧૬/૦૨/૨૦૨૫ને સવારે ૦૯.૦૦ થી બપોરના ૦૨.૦૦ વાગ્યા સુધી – સ્થળ : પાટીદાર ભવન – ડોંબીવલી

**-: ચુંટણીના નિયમો :-**

૧. ડોંબીવલીમાં વસ્તા શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના યુવક-યુવતીઓ જેમની ઉમર તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષ પૂર્ણ થયા હોય પરંતુ ૪૫ વર્ષ પુરા ન થયા હોય તેઓ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે તેમજ મતદાન કરી શકશે.

૨. તા. ૩૧/૧૨/૨૦૨૪ પહેલા ડોંબીવલી સમાજનું આજીવન લવાજમ ભરી કોર્પસ આઈ.ડી. મેળવેલ સભ્ય જ ઉમેદવારી કરી શકશે.

૩. ઉમેદવારોએ તા. ૨૬/૦૧/૨૦૨૫ના રોજ ચુંટણીપંચ સાથેની સંયુક્ત બેઠકમાં હાજર રહેવું ફરજીયાત રહેશે.

૪. ચુંટણી બાબત નિયમો ઘડવાનો તેમજ સમયપત્રકમાં ફેરફાર કરવાનો ચુંટણીપંચને સંપૂર્ણ અધિકાર રહેશે.

૫. ચુંટણીને લગતી કોઈપણ બાબત પુછપરછ કરવા નીચે જણાવેલ ચુંટણીપંચના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

**-: ચુંટણીપંચના સભ્યો :-**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રમેશ શામજી સેંઘાણી | ૯૮૭૦૬૫૫૫૯૦ |
| ૨. | શ્રી કમલેશ મણીલાલ લીંબાણી | ૯૮૬૯૫૧૯૦૪૩ |
| ૩. | શ્રી પરેશ શિવગણ પોકાર | ૯૮૭૦૬૫૫૫૯૨ |
| ૪. | શ્રી જીજ્ઞેશ રતિલાલ ઉકાણી | ૯૩૨૨૨૮૦૨૪૪ |
| ૫. | શ્રી આશિષ વિનોદ લીંબાણી | ૯૮૩૩૦૦૭૯૬૧ |

ડોંબીવલીમાં વસ્તા જ્ઞાતિના યુવા ભાઈ-બહેનોને ચુંટણીમાં ભાગ લેવા તેમજ સાથ સહકાર આપવા વિનંતી.

**લી. શ્રી પાટીદાર યુવક મંડળ**

**ડોંબીવલી વતી થી ચુંટણીપંચ – ૨૦૨૫**



## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈ નિયુકત ચુંટણીપંચ - ૨૦૨૪

સહર્ષ જણાવવાનું કે શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈની વર્તમાન કાર્યવાહક સમિતિનો કાર્યકાળ તા. ૩૧/૦૩/૨૦૨૫ના પૂર્ણ થઈ રહેલ છે માટે તા. ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૭ની મુદત માટે નવી કારોબારી સમિતિની ર ચના કરવા નીચે મુજબ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

ઉમેદવારી કરવાનો અધિકારી - ફેમીલી આઈડી નંબર ધરાવનાર, બંધારણના કલમની વ્યાખ્યા મુજબ યોગ્યતા ધરાવતી, વિસ્તારમાં રહેતી તેમજ સનાતન હિન્દુ ધર્મના નિયમોનું આચરણ કરતા દરેક યુવક-યુવતીઓ જેમની ઉમર તા. ૩૧/૦૩/૨૦૨૫ના રોજ ૧૫ વર્ષ પૂર્ણ થયા હોય પરંતુ ૪૫ વર્ષ પુરા ન થયા હોય તેઓ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

૧. ઉમેદવારી પત્રક (ઓનલાઈન) ભરવાની તારીખ - ૦૪-૦૨-૨૦૨૫ અને ૦૫-૦૨-૨૦૨૫
   શ્રી ક.ક.પા.સ.યુવા મંડળ-મુંબઈની વેબસાઈટ www.spymm.com અથવા મોબાઈલ એપ્લીકેશન પર.

૨. ઉમેદવારી પત્રક (ઓનલાઈન) ભરવાની અંતિમ તારીખ તેમજ સમય - ૦૫-૦૨-૨૦૨૫ને રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી.

૩. ચકાસણી બાદ માન્ય તેમજ રદ્દબાદલ થયેલ ઉમેદવારની યાદી પ્રકાશિત કરવાની તારીખ - ૧૨/૦૨/૨૦૨૫
   (ચકાસણી બાદ માન્ય તેમજ રદ્દબાદલ થયેલ ઉમેદવારની યાદી શ્રી ક.ક.પા.સ.યુવા મંડળ-મુંબઈની વેબસાઈટ www.spymm.com અથવા મોબાઈલ એપેલીકેશન પર મુકવામાં આવશે તેમજ પાટીદાર વાડી - ઘાટકોપર, પાટીદાર વાડી-બોરીવલી, પાટીદાર ભવન-ડોંબીવલીના નોટિસ બોર્ડ લગાડવામાં આવશે.

૪. ચુંટણીપંચ તેમજ ઉમેદવારોની સંયુકત બેઠક તારીખ - ૧૫/૦૨/૨૦૨૫ ને બપોરે ૩.૦૦ વાગ્યે સ્થળ : પાટીદાર વાડી-ઘાટકોપર.

૫. ઉમેદવારી પાછી ખેચવાની તારીખ - ૧૫/૦૨/૨૦૨૫ને સાંજે ૬.૦૦ વાગ્યા સુધી.

૬. રદ્દ થયેલ ઉમેદવારી પત્રક બાબત ઉમેદવારે સાથે ચર્ચા તારીખ - ૧૫/૦૨/૨૦૨૫ સવારે ૧૦.૦૦ થી સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી

૭. મતદાન તારીખ - ૦૯/૦૩/૨૦૨૫ ને રવિવારે - સવારે ૦૯.૦૦ થી બપોરના ૦૨.૦૦ વાગ્યા સુધી
   મતદાન માટેના સ્થળ - પાટીદાર વાડી - ઘાટકોપર, પાટીદાર વાડી - બોરીવલી, પાટીદાર ભવન - ડોંબીવલીમાં તેમજ ચુંટણીપંચ દ્વારા નક્કી કરેલ સ્થળ.

૮. મત ગણતરી તારીખ - ૧૦/૦૩/૨૦૨૫ ને સવારે ૧૦.૦૦ વાગ્યા થી શરૂવાત - સ્થળ : પાટીદાર વાડી-ઘાટકોપર.

**-: ચુંટણીના નિયમો :-**

૧. ઉમેદવારી કરનારને શ્રી ક.ક.પા.સ. યુવા મંડળ - મુંબઈનું બંધારણ વાંચવું જરૂરી છે.

૨. ઉમેદવારો શ્રી ક.ક.પા.સ. યુવા મંડળ-મુંબઈનું બંધારણ મંડળની વેબસાઈટ www.spymm.com અથવા મોબાઈલ એપ્લીકેશન પરથી મેળવી શકે છે.

૩. ચુંટણીપંચ તેમજ ઉમેદવારોની સંયુકત બેઠકમાં દરેક ઉમેદવારે હાજર રહેવું જરૂરી છે, જે પણ ઉમેદવાર (અનિવાર્ય સંજોગો ને બાદ કરતા) ગેરહાજર રહેશે તો તે ઉમેદવારની ઉમેદવારી રદ્દ બાદલ કરવામાં આવશે.

૪. જો કોઈ ઉમેદવાર અનિવાર્ય સંજોગોને કારણ હાજર ન રહી શકતા હોયતો તેઓએ ચુંટણીપંચ ને અનિવાર્ય સંજોગની વિગતવાર માહિતી સાથેનો પત્ર તા. ૧૫/૦૨/૨૦૨૫ ને બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી આપવાનો રહેશે. અંતિમ નિર્ણય ચુંટણીપંચ નો રહેશે.

૫. મતદાન નો અધિકારી - ફેમીલી આઈ નંબર ધરાવનાર, બંધારણના કલમની વ્યાખ્યા મુજબ યોગ્યતા ધરાવતી વિસ્તારમાં રહેતી તેમજ સનાતન

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
### શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ મુંબઈ રિજીયન

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈની વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ સુધીના કારોબારીનો કાર્યકાળ ૩૧ માર્ચ ૨૦૨૫ના પૂર્ણ થાય છે માટે આગામી વ ર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ સુધીની નવી કારોબારીની નિમણૂંક કરવા માટે ચૂંટણી પંચ નિયુક્ત કરવામાં આવેલ છે જેમના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. શ્રી મનસુખ શિવદાસ વાસાણી (કન્વીનર) | બોરીવલી | ૯૯૮૭૧૧૫૫૧૧ |
| ૨. શ્રી શાંતિલાલ નારણ ભાવાણી | મુલુંડ | ૮૮૭૯૦૩૭૩૭૦ |
| ૩. શ્રી હિતેષ હીરાલાલ રામજીયાણી | ઘાટકોપર | ૯૮૬૯૬૮૭૩૪૭ |
| ૪. શ્રી જીજ્ઞેશ રતિલાલ ઉકાણી | ડોંબીવલી | ૯૩૨૨૨૮૦૨૪૪ |
| ૫. શ્રી પ્રિતેશ નાનજી માવાણી | થાણા | ૯૩૨૪૦૮૪૮૪૮ |

**ખાસ નોંધ :**

* મુંબઈમાં રહેતા દરેક યુવક / યુવતીઓને જણાવાનું કે ઉપરોકત મંડળનો વર્તમાન કાર્યકાળ પુર્ણ થતો હોય નવા કાર્યકાળ માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.
* તા. ૩૧/૦૧/૨૦૨૫ સુધીમાં મુંબઈ યુવક મંડળની એપ્લીકેશન પ્રમાણે જે યાદી હશે તેને જ માન્ય ગણવામાં આવ શે માટે જે પણ યુવક / યુવતીઓએ સુધારા વધારા કરવાના હોય તેઓએ તા. ૩૧/૦૧/૨૦૨૫ સુધી નીચે જણાવેલ સંપર્કસૂત્રોનો સંપર્ક કરવા વિનંતી.

**વેબકોમ સમીતી વતી**

૧) હિરેન ચૌધરી ૦૯૮૩૩૧૧૪૩૨૧
૨) પ્રિતેશ માવાણી ૦૭૦૨૧૪૩૨૬૬૫
(સમય : સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦)

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈ**
**શ્રી અ.ભા.ક.પા. યુવા સંઘ રિજીયન**
**પ્રમુખ : શ્રી અશોક વિશનજી સેંઘાણી - મહામંત્રી : શ્રી હિરેન ભવાન લીંબાણી**

**શ્રી ક.ક.પા. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ....** પાના નં. ૧થી ચાલું...

(૨) કુ. દ્રષ્ટી કિશોર વાસાણી (ડોંબીવલી/મદનપુરા-કોડાય) સંગે ચિ. એવલ કિશોર ઠાકરાણી (ડોંબીવલી/વડવા-કાંયા)
(૩) કુ. ખુશાલી અશોક માવાણી (ડોંબીવલી/દેશલપર વાંઢાય) સંગે ચિ. કિશન રાજેશ વેલાણી (નાસિક/દેશલપર વાંઢાય)
(૪) કુ. પૂજા અમૃતલાલ રામાણી (કલ્યાણ/મોટી વિરાણી) સંગે ચિ. મિત ખીમજી પારસીયા (બદલાપુર/મદનપુરા) સર્વે પ્રભુતામાં પગલાં માંડશે

**સોલાર સીસ્ટમ ચાલુ કરવા બાબત**

ટ્રસ્ટ ફંડ દ્વારા આપણી ડોંબીવલી પાટીદાર ભવન ખાતે ૧૦૦ કેવી નું સોલાર પેનલ બેસાડેલ છે જે તા. ૦૫-૦૧-૨૦૨૫ના રોજ ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓની હાજરીમાં શરૂ કરવામાં આવેલ છે.

**લી. ચેરમેન : કાંતિલાલ નારાયણ સેંઘાણી**
**મેનેજીંગ ટ્રસ્ટી : શાંતિલાલ શીવજી ભીમાણી**

**તંત્રી સ્થાનેથી......** પાના નં. ૧થી ચાલું...

દર્શન કરી પાવન બને છે.

આ વર્ષે ૧૪ મી જાન્યુઆરી ૨૦૨૫ મકરસંક્રાંત એ પ્રથમ અમૃત સ્નાન છે. ૨૯ મી જાન્યુઆરી ૨૦૨૫ મૌની ની અમાવાસ્યા એ દ્વિતીય અમૃત સ્નાન, ત્રીજું અમૃત સ્નાન ૩જી ફેબ્રુઆરી ૨૦૨૫ વસંત પંચમી-શિવ જયંતીના અને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સમાપન થશે.

આ સાથે માનવ મુલ્યોના જતન કરવા જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય દ્વારા મોક્ષની પ્રેરિત કરવા આપણે શું પ્રયત્નો કરીએ છીએ એ વિચારવું રહ્યું કે જેથી આપણી મહાન સંસ્કૃતિ સદા માટે જીવંત રહે, મેરા ભારત મહાન રહે...

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી**
**અશોક વાલજી અમૃતીયા સહતંત્રી**

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086. Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Corporation Bank, Ghatkopar (West), Mumbai - 400 086.